# ડીસામાં થરાદથી ગાંધીનગર સુધી લંબાયેલું ભરતી કૌભાંડ

## બે શિક્ષકો સહિત ૩ વિરુદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૧

સમગ્ર ગુજરાત સરકાર ને હચમચાવી દેનાર તલાટી ભરતી કૌભાંડ તરકીબ અજમાવી થરાદ તાલુકા ના એક શિક્ષકે બેરોજગારો ને વનવિભાગ,પોલીસ તેમજ તલાટી માં વગર પરિક્ષા એ બારોબાર પાસ કરાવી આપવાની લાલચ આપી, લાખો રૂપિયા ઠગી લઈ ,વન વિભાગ ના નિયામક ના સહી અને હોદ્દાવાળો બનાવતી નિમણુક પત્ર પીડિતો ને ઈશ્યુ કરી લાખો ની ઠગાઈ કરી હોવાનો એક કિસ્સો બનાસકાંઠા ના ડીસા માં -કાશ માં આવેલ છે, જેમાં પીડિત બેરોજગાર યુવકે જીલ્લા પોલીસવડા કચેરી એ આધાર પુરાવા સાથે ની લેખિત ફરિયાદ આપી ન્યાય માંગતા ચકચાર મચી છે.


બનાસકાંઠા ના ડીસા માં રહેતા અને અને બી.સી.એ. ગ્રેજયુએટ થયેલા બેરોજગાર યુવક દીપકકુમાર અમૃતલાલ પઢીયારે બેરોજગારી સામે સરકારી નોકરી ની લાલસા માં નોકરી મેળવવા લાખો બેરોજગાર યુવકો ની જેમ -યાસ હાથ ધર્યા હતા,તેવામાં ડીસા રેજીમેન્ટ વિસ્તાર માં માજીશા મોટર ગેરેજ નાં માલિક અને સબંધ માં વેવાઈ થતા જયપાલ રતનસીહ માળી એ ગાંધીનગર માં મંત્રી અને સચિવો સાથે મોટી ઓલખાણ ધરાવતા એક વ્યક્તિ સાથે તેમને ૧૦ વર્ષ જૂની મિત્રતા છે,અને તે નોકરી અપાવી દેશે તેવી વાત કરતા ફરિયાદી દીપક પઢીયાર ને નોકરી માટે આશા નું કિરણ દેખાયું ,જે બાદ જયપાલ રતનસીહ માળી ની મધ્યસ્થી એ ફરિયાદી એવા દીપકકુમાર પઢિયાર સાથે આરોપી અને સમગ્ર કેશ નાં માસ્તર માઈન્ડ એવા આરોપી (૧) ચિરાગ મુકેશભાઈ પટેલ રહે, નેનોલ ગામ -ાથમિક સ્કુલ તાલુકો- થરાદ ધંધો -શિક્ષક તેમજ તેના ભાઈ એવા આરોપી (૨) રોહિત મુકેશભાઈ પટેલ ધંધો -શિક્ષક તથા આરોપી (૩) ઉર્વિગભાઈ રહે- ગાંધીનગર વાળાં ત્રણ ઈસમો એ ડીસામાં મુલાકાત ગોઠવી હતી, અને આ ત્રણેય આરોપી એ પોતાનો ગાંધીનગર માં સરકાર ના મંત્રીઓં અને સચિવો સાથે સીધી ઓલખાણ હોઈ જે નોકરી માંગો તે મળી જશે તેવી લાલચ આપી લલચાવ્યા હતા,જોકે આ લોભામણી લાલચ માં બેરોજગાર યુવક દીપક પઢિયાર સાથે ગેરેજ માલિક જયપાલ રતનસીહ માળી પણ ફસાયો હતો, અને તે બાદ આ ચીટર ટોળકી ના ત્રણ ઠગોએ બેરોજગાર યુવક દીપક પઢિયાર ને રૂપિયા પાંચ લાખ માં વન વિભાગ માં વગર પરિક્ષા એ આસીસ્તંત ની જયારે જયપાલ રતનસીહ માળી ના સબંધી ને તલાટી માં પાંચ લાખ માં નોકરી અપાવી દેવાનો સોદો કર્યો હતો,જે બાદ થોડા દિવસો પછી આ ત્રણેય આરોપી એ ડીસા આવી નોકરી અપાવવા નાં સોદા પેટે એડવાન્સ રકમ માંગતા બેરોજગાર યુવક દીપક પઢીયારે રૂપિયા દોઢ લાખ રોકડ આ ત્રણેય આરોપી ને ચૂકવ્યા હતા,જયારે જયપાલ માળીએ પણ નોકરી પેટે એક લાખ ચૂકવ્યા હતા.જે બાદ નોકરી નો નિમણુક પત્ર છોડા દિવસો માં મળી જશે,તેવી જણાવી આ ત્રણ ઠગ રવાના થઈ ગયા હતા, જે બાદ પુન: આ ઠગ ટોળકી એ ફરિયાદી દીપક પઢીયાર ને વનવિભાગ ની લેખિત પરિક્ષા નાં દિવસે ગાંધીનગર બોલાવ્યો હતો,જોકે અહી પણ ફરિયાદી ને પરિક્ષા માં બેસવાનું નથી ખાલી હાજર રહેવાનું છે તારું પરિક્ષાપત્ર બારોબાર લખાઈ જશે તેવું કહી ઉલ્લુ બનાવ્યો હતો, અને નોકરી ના નિમણુકપત્ર માટે અધિકારી અને મંત્રીઓંને આપવા પડશે તેમ કહી બીજા બે લાખ દીપક પઢિયાર પાસે થી પડાવ્યા હતા,જોકે તે બાદ પોતાની નોકરી માટે ની ઉઘરાણી દીપક પઢીયારે ચાલુ રાખતા આ ત્રણ આરોપી એ દીપક ને તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ ની તારીખ નો અને સેક્ટર -૨૧ બ્લોક નબર -૨-વન અને -યાવરણ વિભાગ ગાંધીનગર - નિયામક ની સહી વાળો ફોરેસ્ટ ખાતામાં સહ અધિકારી નો નિમણુકપત્ર આપ્યો હતો,આ નિમણુક પત્ર જોઈ પોતાની નોકરી પાકી સમજી દીપક હરખાયો હતો,જોકે આ ત્રણ ઠગો એ દીપક ને જાતે નોકરી સ્થળે ન જતો અમે જાતેજ તને હાજર કરવા આવીશું, તેવું જણાવ્યું હતું અને તે બાદ વારંવાર બાકી ની રકમ આપ્યા પછી નોકરી માં હાજર કરીશું તેમ કહી બીજા સમયાંતરે રૂપિયા બે લાખ લઈ ગયા હતા ,આમ ફોરેસ્ટ વિભાગ ની નોકરી આપવા નાં કામ પેટે આ ઠગ ટોળકી એ દીપક પઢિયાર પાસે થી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦ ( સાડા ચાર લાખ ) પડાવ્યા હતા,જોકે દીપકે તે બાદ પોતાને નોકરી સ્થળે હાજર કરાવવા ની ઉઘરાણી ચાલુ રાખતા આ ચીટર ટોળકી તેને એક દિવસ થરાદ ફોરેસ્ટ કચેરીએ લઈ ગઈ હતી,અને મુખ્ય સાહેબ હાજર નથી પછી આવવું પડશે તેમ કહી નવું બહાનું બતાવ્યું હતું,


જોકે છેલા ૨૦ માસ જેટલા સમય માં વન વિભાગ ની નોકરી મેળવવા ની લાલચે આ ત્રિપુટી એવી ઠગ ટોળકી ની લાલચ માં આવેલા ફરિયાદી દીપક પઢિયાર અને સાક્ષી એવા જયપાલ માળી એ આખરે આ ત્રણ ઠગો ઉપર શક પડતા તપાસ કરી હતી, જેમાં નિયામક વન વિભાગ નો આ ઠગટોળકી દ્વારા ઈશ્યુ કરાયેલો નિમણુકપત્ર બનાવટી હોવાનું માલુમ પડતા પોતે છેતરપીડી નો ભોગ બન્યો હોવાનું માલુમ પડ્યું હતું, જેથી દીપક પઢીયારે પોતાની રકમ પરત આપો નહિતર હું પોલીસ ફરિયાદ કરીશ તેવી ચીમકી ઉચ્ચારતા મુખ્ય આરોપી એવા આરોપી (૧) ચિરાગ મુકેશભાઈ પટેલ દ્વારા સ્ટેટ બેંક નો પોતાનો ખાતા નો અઢી લાખ રૂપિયા નો દીપક પઢિયાર ને જયારે એક લાખ નો ચેક અન્ય પીડિત જયપાલ માળી ને અપાયો હતો, અને પોલીસ કેશ નાં કરશો તમારા પૈસા આપી દઈશ તેવું મુખ્ય આરોપી ચિરાગ મુકેશભાઈ પટેલ દ્વારા જાહેર કરતા ફરિયાદી એ ચેક મેળવી તેને કેશ કરવા પોતાના ખાતા માં નાખતા આ ચેક પુરતા બેલેન્સ વિના પરત ફર્યો હતો, જેથી પોતાની પુન: છેતરપીડી થયાનો દીપક પઢીયાર ને અહેસાસ થતા આખરી ઉપાયે તેને પોતાના એડવોકેટ -વીણ ભાઈ પઢિયાર મારફતે બનાસકાંઠા પોલીસવડા ને એક લેખિત ફરિયાદ આપી હતી, અને આ ત્રણ ઠગ તેમજ આ કોભાંડ માં સંડોવાયેલા તમામ વિરુદ્ધ તપાસ ની માંગ કરી હતી.

અહી ખાસ દસ્તાવેજી પુરાવા સમાન બાબત કોલ રેકોર્ડ પુરાવો છે જેમાં આરોપી એવા ચિરાગ પટેલે ફરિયાદી સાથે વખતો -વખત પોતાના મોબાઈલ ફોન થી કરેલો વાર્તાલાપ ચોકાવનારો અને સનસનીખેજ છે ,જેમાં તે પોતાની લિંક થી ગમે તે ઉમેદવાર ને પોલીસ માં ભરતી કરાવી દેવાનો દાવો કરે છે ,અને નિમણુક ઈચ્છતા બેરોજગારો લાવી આપો તો પોતાની લિંક થી પોલીસ ની તાજેતરની ભરતી માં ૫૦ માર્ક્સ નાં લેખિત પેપર માં ગમે તે ઉમેદવાર પાસ કરાવી આપશે તેવો દાવો કરે છે .. આ ટેલીફોનીક વાર્તાલાપ માં આરોપી સ્પષ્ટ કબુલે છે કે વનખાતા ની લેખિત પરિક્ષા માં હાજરી ની જરૂર નથી.ભરતી માં લગાવેલા વિડીયો કેમેરા રેકોર્ડીગ માત્ર દેખાવ પુરતું છે,પાછલા બારણે થી ખોટું રેકોર્ડ ઉભું કરી ઉમેદવાર પાસ થઈ શકે છે તેવું જણાવી રહ્યો છે, જોકે આ તમામ વાર્તાલાપ આરોપી ચિરાગ પટેલ કહી રહ્યો છે ,તે માત્ર આવા બેરોજગાર યુવકો ને -ભાવિત કરતા બણગા છે કે તેમાં કોઈ સત્ય છુપાયેલું છે તેની પણ ડાણપૂર્વક તપાસ થવી જોઈએ

આ મામલે ફરિયાદી ના એડવોકેટ -વીણભાઈ પઢીયારે જણાવેલ કે આ લાખો નાં છેતરપીડી કોભાંડ માં ત્રણ આરોપી સાથે અન્યો ની પણ સંડોવણી છે ,મારા અસીલ દીપક પઢીયાર ને નોકરી ની લાલચ આપી આરોપીઓં દ્વારા સરકાર ના વનવિભાગ ના નિયામક ની ખોટી સહીવાળો નિમણુક પત્ર આપી ગુનાહિત ઠગાઈ કરાઈ છે,જેની તટસ્થ અને ન્યાયિક તપાસ કરવા આધાર પુરાવા સાથે અમોએ બનાસકાંઠા ડી,એસ,પી,કચેરી એ લેખિત ફરિયાદ આપેલ છે.

ત્યારે તપાસ નો વિષય એ છે કે મુખ્ય ભેજાબાજ ઠગ અને રાજય સેવક એવા આરોપી ચિરાગ પટેલ નાં તાર ગાંધીનગર નાં ક્યા ઈસમો સાથે જોડાયેલા છે ? ગાંધીનગર માં સરકાર ના વનવિભાગ ના નિયામક ની સહી વાળો આ બનાવટી નિમણુકપત્ર કોને અને ક્યાય બનાવ્યો હતો ? આરોપી ચિરાગ પટેલ અને તેના મળતિયા દ્વારા આવા કેટલા બેરોજગાર યુવકો ને છેતરવામાં આવ્યા છે ? આ કોભાંડ બનાસકાંઠા સિવાય શું અન્ય જીલ્લા માં તો નથી ચાલતું ? શું સરકાર ના કોઈ રાજયસેવકો ની સંડોવણી આ કોભાંડ માં છે ખરી ? શું આરોપી એ કોલ રેકોર્ડમાં જણાવ્યું તે મુજબ પોલીસ માં પણ ભરતી કોભાંડ ચાલે છે ? આ તમામ બાબતો સરકાર ની -તિસ્થા સાથે સંકળાયેલી હોઈ તેની ઉચ્ચસ્તરીય તપાસ થવી જોઈએ તેવી ફરિયાદ પક્ષ તરફ થી માંગ ઉઠેલ છે.





વન અને પર્યાવરણ વિભાગ
નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર
નવા સચિવાલય
સે. ૨૧, બ્લોક નં. ૨, ગાંધીનગર

વિષય: વન વિભાગની નવી નિમણૂંક બાબતે

સવિનય ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનુ કે આપણી નીમણૂંક ફોરેસ્ટ ખાતાના સહ અધીકારી (બીટ) તરીકે કરવામાં આવે છે. તો રાજય સરકારના તેમજ કેન્દ્ર સરકારના બંધારણ તેમજ નીયમ અનુસાર અનુક્રમ નં. ૫૭૬/૨૨૩/૧૧૨ અનુક્રમે આપની પસંદગી થઈ હોવાથી જણાવેલ તારીખે તમામ ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે ઉપરોકત સરનામે હાજર રહેવું. આ પ્રમાણે ભુલચુક થતી હોવાથી તમે આ નીમણૂંકમાંથી તેમજ ઉપરોકત માન્યતા પ્રમાણે હોદો રદ થતો ગણાશે જેની નોંધ લેવી. તમારી નિમણૂંક ફિકસ પગારના કર્મચારી તરીકે કરવામાં આવે છે. નોકરી દરમ્યાન (૫ વર્ષ સુધી) તમારી વર્તણૂંક, ઉપલા અધીકારી સાથે અસભ્ય વર્તન, નાણાંકીય ઉચાપત આવા કોઈપણ કેસમાં આગળ આવતાં હોદા પરથી બરતરફ કરવામાં આવશે. ૫ વર્ષ દરમ્યાન ઘર ભાડું તથા મેડીકલ એ. મળવાપાત્ર નથી. જેના માટે પાછળથી કોઈપણ પ્રકારનો હક દાવો કરી શકશો નહી.

સંજોગો વસાત તમે તમારૂ જાતીનું પ્રમાણપત્ર, લાયકાતનું પ્રમાણપત્ર તથા તમારૂ ક્રીમીનલ સર્ટીફીકેટ વાંધજનક સંજોગોમાં રજુ ના કરી શકો તો દીન ૭ માં ઉપરોકત કચેરીને જાણ કરવી

બંધારણ કલમ
આમુખ
(૧) તમામ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલ
(૨) અરજી કર્યાની નકલ
(૩) જન્મ તારીખનો દાખલો
(૪) જાતીનું પ્રમાણપત્ર

કલમ નં. ૨૨૩ પ્રમાણે અગાઉ કોઈપણ જગ્યાએ સરકારી નોકરી નથી કરતા તેવું તમારા હસ્તાક્ષરમાં પ્રમાણપત્ર આપવાનું રહેશે.

નકલ રવાના:
– વન અને પર્યાવરણ વીભાગ બનાસકાંઠા
– દીપકકુમાર અમરૂતલાલ પઢીયાર
– જીલ્લો–તમામ
– તા. ૩/૯/૨૦૧૩

વન અને પર્યાવરણ
નીયામક શ્રી ની કચેરી,
નવા સચીવાલય, બ્લોક ૨, ગાંધીનગર

નિયામકશ્રી
વન અને પર્યાવરણ વીભાગ
ગાંધીનગર

## એસા ભી હોતા હૈ... ગજબનો કિસ્સો... બાલીસણા ગામના યુવકનું નજર સામે જ બાઈક ચોરાયું

### અજાણ્યા વ્યકિતને લીફટ આપી તેજ બાઈક ચોરી રવાના : તલોદ પોલીસે હદના મામલે કેસ ન લેતાં યુવાનનુ પોતાનું જ બાઈક ૫૦૦૦ માં પરત મેળવ્યું

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા મુકામે રહેતા અને તલોદ ખાતે આધારકાર્ડની કામગીરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતાં યુવકે અજાણ્યા યુવકને લીફટ આપવી પાંચ હજારમાં પડી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ પાસે આવેલ બાલીસણા ગામે રહેતા દશરથભાઈ કે જેવો તલોદ ખાતે આધારકાર્ડની કામગીરીમાં કોમ્પ્યુટર ઓપરેટરની નોકરી કરતો હતો. ને તે પોતે બાલીસણા ગામેથી પોતાનું બાઈક લઈ તલોદ ખાતે આવેલ ઓફિસમાં જતો હતો તે દરમ્યાન તે અમલાની મુવાડી સ્ટેન્ડ ઉપર આવેલ ગલ્લા ઉપર ગયો જયારે તે સમયે ગલ્લા ઉપર મોબાઈલનું બેલેન્સ કરાવતો અજાણ્યો યુવાને તેણે મળ્યો જયારે તે બાઈક સ્ટ્રાટ કરી રહ્યો હતો. તે સમયે અજાણ્યા યુવકે પુછયું કે ભાઈ તલોદ જાવ છો. ત્યારે દશરથભાઈ એ કહ્યું હા, હું તલોદ જાવું છું તો ભાઈ મને બેસાડી દોને કયારનો ઉભો છું પણ હજુ સુધી કોઈ સાધન નથી આવ્યું તો ભાઈ મને બેસાડી દોને.. માનવતા દાખવી દશરથભાઈએ અજાણ્યા વ્યકિતને લીફટ આપી અને તેને પાછળ બેસાડી દીધો જયારે તલોદ પહોંચતા બજારમાં એક ગલ્લા પાસે પાછળ બેઠેલા અજાણ્યા ઈસમે બાઈક ઉભી રખાવી અને દશરથભાઈને કહ્યું કે લો આ ૨૦ રૂપિયા તમે પણ મસાલો ખાવ અને મારા માટે પણ મસાલો લઈ આવો અને ભાઈ મસાલાની લાલચમાં ચાવી બાઈકમાં મુકીને ગયાને અજાણ્યો ઈસમ બાઈક લઈને ભાગ્યો દશરથભાઈ એ બુમો પાડી પાછળ દોડયા પણ કોઈ જાતનો પતો ના લાગતા છેવટે તલોદ પોલીસ સ્ટેશનને ફરિયાદ કરવા ગયા તો પુછપરછ બાદ જવાબ મલ્યો કે તમારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ફરીયાદ આપવી પડશે કારણ કે તમે પેલા અજાણ્યા ઈસમને પ્રાંતિજ વિસ્તારમાંથી લીફટ આપેલ હોવાથી ગુનો ત્યાંથી શરૂ થતો હોવાથી ત્યાં જ નોંધાય જયારે તેવો નાશી પાસ થઈને પરત ફરતા તેમણે અજાણ્યા ઈસમને જે સ્થળેથી બેસાડયો હતો એ જ સ્થળે પરત ફરતા દુકાન(કેબીન) ઉપર પુછપરછ કરતાં ત્યાંથી અજાણ્યા ઈસમે બેલેન્સ કરાવેલ નંબર મલ્યો અને તે નંબર ઉપર ફોન કરતાં અજાણ્યા ઈસમે ફોન ઉપાડયો દશરથભાઈ એ કયુ બાઈક લઈ ગયા છો તે સામે થી અજાણ્યો ઈસમ હા તેજ બોલું અને સાંભળો બાઈક પાછું જોઈતું હોય તો મને ૯૭૦૦ આપવા પડશે. નહી તો બાઈક નહી મળે. દશરથભાઈ એ અન્ય એક સાહેબ જોડે ફોન કરાવ્યો અને વાત કરવાની સાથે સામેથી એક જ જવાબ આવ્યો કે ૯૭૦૦ આપોને બાઈક લઈ જાવ અને દશરથભાઈને ફોન આપો જયારે સાહેબે પુછયું કે ભાઈ તુ કયાં જન્મના ૯૭૦૦ માંગે છે. આ જન્મના ગયા જન્મના પછી તરત જ સામે જવાબ આવ્યો હવે તમે બી જોઈ લો તમારી ગાડી ઉઠાવી જઈશ અને ગમે ત્યાં અકસ્માત કરી છોડી આવીશ. જયારે દશરથભાઈ વાત કરી અને છેવટે રકજક કરતાં ૫૦૦૦ રૂપિયા એ નકકી થયું અને બાઈક લેવા ચંદ્રાલા પાલવ હોટેલ, ગીયોડ, ચિલોડા અને ત્યાંથી ગાંધીનગર બોલાવતાં દશરથભાઈ એ ના પાડતા છેવટે શીહોલી ગામે દશરથભાઈને બોલાવ્યાં અને કહ્યું તમારી જોડે જે માણસો છે તેમણે કેમ લાવ્યા છો તેમણે પરત મોકલી દો. દશરથભાઈ એ કયું કોઈને લાવ્યો નથી અને બાઈક ચોરના બદલે રૂપિયા લેવા બીજો અજાણ્યો ઈસમ આવ્યો તે પણ અજાણ્યા બાઈક ઉપર અને દશરથભાઈ એ કયું બાઈક આપો અજાણ્યો ઈસમે કીધું બાઈક મલી જશે અહી જ છે. પહેલાં ૫૦૦૦ આપો. દશરથભાઈ એ જેવા પાંચ હજાર કાઢયાને પેલો માણસ બાઈક લઈને ભાગ્યો અને દશરથભાઈ એ એ બાઈક નો નંબર નોંધ્યો જયારે પાસે આવેલ બધાં એ આજુબાજુમાં જોઈતો બાઈક ચાવી સાથે મળી આવ્યું જે હોય તે પણ તલોદ પોલીસ ફરિયાદ ના લેતાં અને દશરથભાઈએ પ્રાંતિજ પોલીસમાં બાઈકને પરત મેળવવા ૫૦૦૦ ગુમાવવાનો વારો આવ્યો છે. અને અજાણ્યા યુવાનને લીફટ ન આપવી એ પણ સમાજને જાગૃત કરતો ગજબનો સત્ય ઘટના નજર સમક્ષ છે. જો કે ઢોર છુટયાને તબેલે તારા મારાવા એજ દશરથભાઈએ બાઈક લઈ આવી ને ૫૦૦૦ આપીને આવી પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ કરી છે. હવે જોવાનું એ રહ્યું કે પ્રાંતિજ પોલીસ આ કિસ્સામાં કેટલે સુધી ઉંડી તપાસ કરશેને સમગ્ર ઘટના ઉપરથી પરદો ઉઠાવશે.



હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.ડેપોમાં કર્મચારીઓનો નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કાર્યક્રમ યોજાયો. ભિલોડા એસ.ટી.ડેપો અને ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસના સંયુક્ત ઉપક્રમે ભિલોડા એસ.ટી.ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓ, ડ્રાઈવરો, કંન્ડકટરોનું હેલ્થ ચેકઅપ કાર્યક્રમમાં આંખો, બ્લડ, એચ.આઈ.વી., હાઈપર ટેન્શન, ડાયબીટીસના રીપોર્ટ કરવામાં આવ્યા હતા. ભિલોડા એસ.ટી.ડેપોના ડ્રાઈવર, કંન્ડકટરોનું આરોગ્ય સારૂ રહે તેવા ઉદ્દેશ સાથે હેલ્થ ચેકઅપનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા એસ.ટી.ડેપોમાં કર્મચારીઓના હેલ્થ ચેકઅપ કાર્યક્રમને સફળ બનાવવા હિંમતનગર ડિવીઝન વિભાગીય નિયામક જી.ઓ.શાહ, ભિલોડા એસ.ટી.ડેપો મેનેજર રઘુવીરસિંહ ચૌહાણ,ભિલોડા બ્લોક હેલ્થ ઓફીસર ડાં.એ.જે.વૈષ્ણવ, ડાં.એ.કે.ચૌધરી તેમજ સ્ટાફ પરીવારે કર્મચારીઓના હેલ્થ ચેકઅપ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## પોંગલુ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પોંગલુ ખાતે ગત રોજ પોંગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બીપીવીએસ યુવક મંડળ તથા તાલુકા હેલ્થ ઓફિસ પ્રાંતિજના સંયુકત અને જી.સી.એસ.મેડીકલ કોલેજ અમદાવાદના સૌજન્યથી "સર્વરોગ નિદાન કેમ્પ" યોજાયો હતો. સર્વરોગ નિદાન કેમ્પમાં જી.સી.એસ.મેડીકલ કોલેજના જનરલ સર્જન ફીઝીશીયન, ઓર્થોપીડીશીયન, પીડીયાટ્રીશયન(બાળકોના) વગેરે ડાંકટરો દ્વારા દર્દીઓને નિદાન કરી સારવાર આપવામાં આવેલ હતી. દર્દીઓને વિના મુલ્યે તપાસ તથા દવાઓ વિતરણ કરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગ દર્શ હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ડાં.જી.વી.નાયક તથા પોંગલુ મેડીકલ ઓફિસર ડાં.મેહુલ ચોપડા તથા આરોગ્ય કેન્દ્ર સ્ટાફ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જયારે સર્વરોગ નિદાન કેમ્પમાં પોંગલુ તથા આજુબાજુના ગામોના ૪૬૫ દર્દીઓને મફત મેડીકલ સારવારનો લાભ આપવામાં આવ્યો હતો.

## સલાલમાં વાનરોનો આતંક

(કાળુસિંહ રાઠોડ દ્વારા) સલાલ તા.૧

પ્રાંતિજ નજીકના સલાલ ગામે વાનરોનો ભારે આતંક મચાવ્યો છે જેને લીધે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

પ્રાંતિજના સલાલ ગામનો દસ વર્ષીય કિશોર પોતાના મકાનના ધાબા ઉપર પતંગ ચગાવી રહ્યો હતો. ત્યારે અચાનક જ આ વિસ્તારમાં વાનરોનું ટોળું આવતા એક વાનરે આ કિશોરને પગમાં બચકું ભરતા કિશોરને ગંભીર ઈજાઓ થતા તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં બાળકને પગના ભાગે ૧૨ ટાંકા આવ્યા હતા. જયારે એ જ દિવસ સલાલ રેલ્વે સ્ટેશનની નજીક રહેતા એક યુવાનને પણ વાનરે બચકું ભર્યું હતું. એક જ દિવસમાં બે વ્યકિતઓને વાનરે બચકા ભર્યાની ઘટના બનતા ગ્રામજનોમાં ભયની લાગણી જોવા મળી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

## પોશીના ગામે ૧ બોગસ ડૉકટર પકડાયો

પોશીના તાલુકામાં કોઈપણ ડીગ્રી વગર ગેરકાયદેસર રીતે દવાખાનું ખોલી પ્રજાની જીંદગી સાથે ચેડા કરતો બોગસ ડૉકટર ઝડપાયો હતો. દંગાલ પી.એ.સી સેન્ટરના ડાં.રાજન કાલરીયાને બોગસ ડાં. અંગે માહિતી મળતા તેઓએ આજરોજ તેમની ટીમ સાથે પોશીના ગામે પુરણા હરદેવસિંહ ચૌહાણને ત્યાં દરોડો પાડયો હતો. જરૂરી ડિગ્રીના પુરાવા માંગ્યા હતા જો કે ડાંકટરનું દવાખાનું ખોલીને બેઠેલા ડાં.પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવા છતાં બિન્દાસ પણે લોકોની સારવાર કરતો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી ડાં.રાજન કાલરીયાએ પોશીના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરોડામાં ડાં.ની ટીમે મોટા પ્રમાણમાં દવાનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. વિભાગની ટીમનો દરોડો પડતા પોશીના સહિત આસપાસના પંથકમાં બોગસ ડૉકટરોમાં સોપો પડી ગયો હતો. પોશીના ગ્રામ્ય વિસ્તારમાં અંદાજે ૭૦ થી વધુ બોગસ ડાંકટર હોવાની ફરિયાદ અનેક વખત ઉઠવા પામી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા સ્થાનિક ગ્રામજનોમાં રોષ ફેલાયો છે અને જિલ્લા આરોગ્ય અધિકારી ડાં. મનીષભાઈ ફેન્સી રૂબરૂ કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧